# અમને બચાવો : એકજૂથ વેપારીઓ

**ઇમ્પેક્ટ ફીનો અમલ કરવા રજુઆત : શહેરમાં વસતા ૬૫૦૦થી વધુ વેપારીઓના ૮૦ હજાર જટેલા કુંટુંબોના ભરણ પોષણ સામે ગંભીર પ્રશ્નાર્થ : ધંધા રોજગારને બચાવવા તંત્રને રજુઆત કરી**




ગાંધીનગર તા ૧૫

અમનો બચાવો... ગાંધીનગરમાં દબાણનુ બુલડોઝર ફરી વળવાની સાથે રહેણાંક વિસ્તારમાં ઉભા કરાયેલા કોર્મશિયલ એકમો પણ તંત્રની ઝપટે ચઢતા વેપારીઓ મુંઝવણમાં મુકાયા છે. સેકટરોના વેપારીઓમાં ફફડાટ સાથે અસલામતીની લાગણી પ્રબળ બની છે. નજીકમાં જ નવરાત્રિ અને દિવાળી જેવા તહેવારો છે ત્યારે તંત્રની આ ઝુંબેશ વેપારીઓ માટે વધુ આકરી પુરવાર થઈ રહી હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. આજે નગરના વેપારીઓ સે-૨૨ ના નવરાત્રિ મેદાનમાં આ મુદ્દે એકત્રિત થયા

● અનુસંધાન પાન-૭ પર

## વેપારીઓ માટે કોર્મશિયલભવન બનાવવા સરકારનો રજુઆત કરીશુ : મેયર

ગાંધીનગર તા ૧૫

સે-૨૨ ના નવરાત્રી મેદાનમાં એકત્રિત થયેલા વેપારીઓએ મેયર અને ડેપ્યુટી મેયર સમક્ષ રજુઆત કરી હતી. આ તબક્કે મેયર પ્રવિણ પટેલે જણાંવ્યુ હતુ કે ગાંધીનગર મહાનગરપાલિકા નવનિર્મિત છે. જમીન રાજય સરકાર હસ્તક છે. રાજયની તમામ મહાનગરપાલિકા વિસ્તારમાં આ સ્થિતિ છે. ગાંધીનગર સંપાદિત ભુમિથી બનેલુ નગર છે. વેપારીઓની લાગણી અને માંગણી રાજય સરકાર સુધી પહોંચાડીશ વૈકલ્પિક વ્યવસ્થા થાય તે માટે સરકારને પત્ર લખીશ વસતી અને વેપારીઓની રોજીરોટીની જરૂરિયાતને ધ્યાને લેતા આમપણ કોર્મશિયલ બિલ્ડીંગોનો અભાવ છે. જેને ધ્યાને લઈ કોર્મશિયલ બિલ્ડીંગોનુ નિર્માણ થાય અને વેપારીઓને વ્યાજબી ભાવે મળે ઉપરાંત સમયાંતરે હરાજી કરવા તેમજ વાણિજ્ય ભવન બનાવવા માટે પણ સરકારને રજુઆત કરવાની ખાત્રી આપી હતી. વેપારીઓએ નવરાત્રિ દિવાળી જેવા તહેવારો નજીકમાં હોવાથી આ મામલે થોડો સમય રાહત આપવા પણ માંગ કરી હતી. જેને અનુલક્ષીને પણ મેયરે તંત્રના અધિકારીઓ સાથે બેઠક કરી રજુઆત કરવામાં આવશે તેવુ સાંત્વન આપ્યુ હતુ. ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડાએ પણ વેપારીઓના પ્રશ્નોના નિરાકરણ માટે પ્રયાસ કરાશે તેમ જણાંવ્યુ હતુ.

# શહેરમાં વધુ ૨૦૦ કોર્મશિયલ એકમોને કોર્પોરેશનની નોટીસ

ગાંધીનગર તા ૧૫

શહેરમાં રહેણાંક વિસ્તારમાં ધમધમતા કોર્મશિયલ એકમો સામે કોર્પોરેશનને લાલ આંખ કરી છે. રોજબરોજ જુદા જુદા સેકટરોમાં સ્થિત એકમાને નોટીસ આપવામાં આવી રહી છે.જયારે ટુંકા ગાળામાં જ આ પ્રવૃતિને બંધ કરી દેવાની સુચના આપવામાં આવતા હેતુફેર ધરાવતા એકમોના માલિકોમાં મુંઝવણ ઉભી થઈ છે. આજે પણ ૨૦૦ જેટલા કોર્મશિયલ એકમોને તંત્ર દ્વારા નોટીસ આપવામાં આવી હતી.

**સે-૧૭,૨૦, ૨૧ અને સે-૨૭ માં રહેણાંક વિસ્તારમાં ધમધમતા કોર્મશિયલ એકમોને બંધ કરી દેવાની નોટીસ**

ગાંધીનગરના સેકટરોમાં રહેણાંક વિસ્તારમાં ધમધમતા કોર્મશિયલ એકમોને બંધ કરાવવા માટે કોર્પોરેશનની ટીમે અભિયાન હાથ ધર્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર


## ગાંધીનગર (ઉ) બેઠકના ૧૮ બી.એલ.ઓ.ને ગેરહાજર રહેતાં નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતવિસ્તાર માટે નિયુક્ત કરાયેલ બુથ લેવલ ઓફિસરોમાં આજે તાલિમ દરમ્યાન ૧૮ બી.એલ.ઓ. ગેરહાજર રહેતાં ચૂંટણી અધિકારી વ પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઈએ આ તમામને નોટીસ ફટકારી છે.

લોકપ્રતિનિધિ ધારાની વિવિધ જોગવાઈઓ અંતર્ગત પગલાં લેવાની ચીમકી પણ આ નોટીસમાં આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર (ઉ) વિધાનસભા મતવિસ્તારમાં ૨૪૫ બી.એલ.ઓ. ફરજ બજાવે છે. ગાંધીનગર (ઉ) એ મહત્વની બેઠક રાજકીય દષ્ટિએ પણ જોવામાં આવે છે. મળતી વિગતો પ્રમાણે ચૂંટણી અધિકારી વ પ્રાંત અધિકારી ઋતુરાજ દેસાઈએ આ ગેરહાજર રહેલા ૧૮ બી.એલ.ઓ.ને બુધવારે રૂબરૂમાં હાજર થઈ નોટીસનો ખુલાસો આપવા માટે જણાવ્યુ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

તાજેતરમાં જ ચૂંટણી પંચ દ્વારા બી.એલ.ઓ.ની કામગીરીનું અસરકારક મોનીટરીંગ કરવા માટે તીખી ટકોર કરવામાં આવી હતી જે ઉલ્લેખનીય છે. આજે બી.એલ.ઓ.ની ગેરહાજરી અને નોટીસ આપવાની વાત કર્મચારી આલમમાં પ્રસરતાં જ સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. આ રવિવાર એ મતદારયાદી સુધારણા ઝુંબેશનો ખાસ દિવસ છે અને તેની પૂર્વ સંધ્યાએ જ આ નોટીસ અપાઈ છે.



**બેસણું**

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી
**જગતસિંહ મુલચંદ રૂપારેલ**
તા.૧૪-૦૯-૨૦૧૮ને શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. **સદ્દગતનું બેસણું તા.૧૬-૦૯-૨૦૧૮ને રવિવારના રોજ સવારે ૧૦ થી ૧૨ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.
**નિવાસસ્થાન :- પ્લોટ નં.૧૫૨/૨, સેક્ટર-૬/બી, ગાંધીનગર**

લિ.
હરિશ જે. રૂપારેલ
અરવિંદ જે. રૂપારેલ
સુરેશ જે. રૂપારેલ
ડો.સુશીલા કિર્તીકુમાર ઠક્કર
સરોજ શૈલેષકુમાર કારિયા
કલ્પના દિનેશકુમાર ઠક્કર

## નર્મદાનું પાણી લીધા વિના પંચાયતોને પાંચ કરોડનું બિલ પધરાવ્યુ

ગાંધીનગર, તા. ૧૫

નર્મદાનું પાણી વાપરવાની મંજૂરી મળી પણ પાણી ન વાપર્યુ હોવા છતાંય રૂ. પાંચ કરોડનું બિલ આકારી મોકલી દેવામાં આવ્યુ હોવાની બાબત આજે જિલ્લા ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં ચર્ચાઈ હતી. કલોલ તાલુકાના ૪૪ ગામોને નર્મદાના પીવાના પાણી વાપરવાની મંજૂરી આપવામાં આવી હતી. આ પૈકી ૩૦ ગામો આજે પણ સ્થાનિક સ્ત્રોત પરથી જ પાણીનો વપરાશ કરી રહ્યા છે. આ ગામોને રૂ. પાંચ કરોડનું બિલ આકારી મોકલી દેવામાં આવ્યુ છે. આ બિલ પાણી પુરવઠા તંત્રએ આકારી મોકલી આપ્યુ છે. આજે ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં આ મુદ્દો કોંગીના ધારાસભ્ય બળદેવજી ઠાકોર અને ડૉ. સી.જે. ચાવડાએ રજુ કરી તંત્રના અધિકારીઓને ચોંકાવી દીધા હતા.

જિલ્લા કલેક્ટરશ્રીએ આ મુદ્દે તપાસ કરી અને યોગ્ય પગલાં લેવાની ખાતરી આપી હતી. જિલ્લામાં ૧૨૫થી વધુ ગામો આજે પણ નર્મદાનું પાણી લેતા નથી. નર્મદાની પાઈપલાઈનોનું નેટવર્ક જિલ્લામાં ઉભુ કરાયુ છે પણ ઘણા ગામોમાં પાણીનો સપ્લાય આજેય પહોંચતો નથી. આ મુદ્દે પૂર્વ કલેક્ટર સતીષ પટેલને ગ્રામસભાઓમાં રજુઆતો કરાઈ હતી જે નોંધનીય છે. જિલ્લામાં આ વર્ષે ચોમાસાની સિઝનમાં ૫૦ ટકા કરતાં પણ ઓછો વરસાદ પડ્યો છે ત્યારે આગામી દિવસોમાં પાણીના પ્રશ્નો તંત્ર માટે પડકારરૂપ બની રહેશે તેમ મનાઈ રહ્યુ છે.

## હવે સિવિલમાં જેનરિક દવાનો સ્ટોર હવે ૨૪ કલાક ચાલુ રહેશે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં જેનરિક દવાનો સ્ટોર હવે ૨૪૮૭ કલાક ચાલુ રાખવામાં આવશે તેમ જિલ્લા કલેક્ટરે આજે ફરિયાદ નિવારણ અને સંકલન સમિતિની બેઠકમાં જણાવ્યુ હતુ.

ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ આજે સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં ચાલતો જેનરિક દવાનો સ્ટોર ફાર્માસીસ્ટના અભાવે રાત્રે ચાલુ રાખવામાં નહિ આવતો હોવાની ફરિયાદ કરી હતી.

જિલ્લા કલેકટરે આ ફરિયાદને અતિ ગંભીરતાથી લઈ જિલ્લા રોજગાર અધિકારીને તાત્કાલિક બે ફાર્માસીસ્ટની ભરતી માટેના નામો મોકલવા જણાવ્યુ હતુ તો બીજી તરફ સિવિલ સત્તાવાળાઓને આ ફાર્માસીસ્ટોની ભરતી રોગી કલ્યાણ સમિતિમાં કરી સ્ટોર ૨૪૮૭ ચાલે તે જોવા આગ્રહ કરી આદેશ કર્યો હતો.

## સ્વાઈન ફ્લુથી વધુ ૧ મહિલાનું મોત

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર તાલુકામાં સ્વાઈન ફ્લુથી આજે વધુ એક મહિલા દર્દીનું મૃત્યુ થયુ છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુથી મરણ પામનાર દર્દીની સંખ્યા બે થઈ છે.

આજે મોડી સાંજે રાંધેજાની મહિલા દર્દીનું સારવાર દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થયુ છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના અત્યાર સુધી ૪ દર્દી નોંધાયા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આજે આ બીજા દર્દીનું મૃત્યુ થયુ છે. અગાઉ ભાટની મહિલા જે સ્વાઈન ફ્લુથી પિડીત હતી તેનું અવસાન થયુ હતુ.

રાંધેજાની આ મહિલા દર્દીનો ગઈકાલે જ સ્વાઈન ફ્લુ પોઝીટીવ હોવાનો રિપોર્ટ આવ્યો હતો જે ઉલ્લેખનીય છે.

MANAGED BY :
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
rudraksh Event Management
We Serve...
• Traditional Food
• Sweets
• South Indian
• Snacks
• Street Food
• Punjabi Food
Unlimited Lunch Rs. 230/-
Pack Lunch Punjabi & Gujarati Rs. 150/-
Contact us : 8871 8871 50 | 99795 59988
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. Bansari Traditional

Capitol Flora
સુવિધા અનેક પસંદગી માત્ર એક
74 SQ YD - 1 BHK APPT
READY POSSESSION



BEST BENEFITS UNDER
Pradhan Mantri Awas Yojana
Subsidy & Interest Rate
RERA APPROVED CERTIFIED
SCAN FOR LOCATION
સુવિધાઓ
• જિમ્નેશીયમ/ફીટનેસ કલબ • જોગર્સ ટ્રેક
• ગઝેબો-મીટીંગ પ્લેસ • કલબ હાઉસ/સ્પોર્ટસ રૂમ
• ગ્રા. ફ્લોર એરીયામાં CCTV કેમેરા • કિડ્ઝ ઝોન
• વેલ ડેકોરેટીવ એન્ટ્રન્સ વીથ સીક્યુરીટી કેબીન
• બ્યુટીફુલ લેન્ડસ્કેપીંગ • વિશાળ પાર્કીંગ • યોગા ઝોન
૧૦૦ % લોન ઉપલબ્ધ
SBI BANK, AXIS BANK, KOTAK BANK, INDIA BULLS
સરગાસણ ચોકડીથી ગીફ્ટ સીટી જવાના ૨૦૦ ફુટના રીંગ રોડ પર આશ્કા હોસ્પીટલ સામે, મેઈન રોડ પર, સરગાસણ, ગાંધીનગર.
Bookings 8866885444 9662333999



RAJVEE FOOD CORNER
BIRTHDAY PARTY
SMALL GATHERING
OFFICE MEETING
LIVE KITCHEN
Our Knowledgeable staff & personalized catering will add a touch of class to your occession...
Shop No.1, Ground Floor, Pratik Mall, Near City Pulse, Kudasan, Gandhinagar.
Mobile : +91 90998 84444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in
For Banquet Inquiry : 89801 08444
design: info.imaeink@gmail.com

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com